ખેલકૂદ નીતિ–૨૦૧૬ અંતર્ગત ઉચ્ચ
અભ્યાસક્રમોમાં કાર્યક્ષમ રમતવીરો માટે
કોલેજોમાં ૨% પ્રવેશ અંગેની તકો પુરી
પાડવા બાબત.

ગુજરાત સરકાર
રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસએજી/૧૦૨૦૧૬/૬૫૮/બ
તા. ૯–૬–૨૦૧૬

વંચાણે લીધાઃ
૧. ડાયરેકટર જનરલશ્રી, સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાતનો તા ૧૮.૫.૧૬ નો પત્ર.

**પ્રસ્તાવના :**

રાજય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ધ્વારા ગુજરાત ખેલકૂદ નીતિ–૨૦૧૬ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ખેલકૂદ નીતિ અંતર્ગત રમતગમત અંગે વિશેષ સિધ્ધિ ધરાવતા રમતવીરોને નોકરી તેમજ મેડીકલ એન્જીનીયરીંગ જેવા વ્યાવસાયિક અભ્યાસક્રમો સહિતની અન્ય કોલેજોમાં ૨% શીટનું વિશેષ પ્રાવધાન રાખવામાં આવશે, તેવું નકકી કરેલ છે. તેથી તેની શિક્ષણ ક્ષેત્રે પાત્રતા અંગે તથા રમતવીર માટે સ્પોટર્સ કવોટા અંતર્ગત નોંધણી બાબતે કરવાની કાર્યવાહી અર્થે વિગતવાર સૂચનાઓ બહાર પાડવાનું વિચારણામાં હતુ જે ઉકત નીતિને ધ્યાને લઈને પાત્ર રમતવીરોને શિક્ષણ ક્ષેત્રે જુદા જુદા અભ્યાસક્રમોમાં ૨% અનામતની જોગવાઈ બાબત નીચે મુજબ સૂચનાઓ પ્રસિધ્ધ કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ</u>

**<u>પાત્રતા અંગેની શરતો :</u>**

(૧) પાત્ર રમતવીર ગુજરાતનું ડોમીસાઈલ ધરાવતા હોવા જોઈએ.

(૨) સંબંધિત રમતવીર ગુજરાતનું ડોમીસાઈલ ધરાવતી વ્યકિત સાથે લગ્ન કર્યા બાદ ગુજરાતમાં ત્રણ વર્ષ કે વધુ સમયથી વસવાટ કરતા હોય અને ગુજરાત રાજયનું બે વર્ષ પ્રતિનિધિત્વ કરે તો તેમને લાભ મળવાપાત્ર થશે.

(૩) ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે સ્પોટર્સ કવોટા માટે ૨% અનામતનું પાલન કરવાનું રહેશે. પ્રવેશ પસંદગી દરમ્યાન શિક્ષણ વિભાગ અથવા શૈક્ષણિક સંસ્થા ધરાવતા જે તે સંબંધિત વિભાગ ધ્વારા ૨% પ્રમાણે સ્પોટર્સ કવોટા અલગથી દર્શાવવાના રહેશે. આ વિભાગો ધ્વારા કુલ ૨% અનામત પ્રમાણે કોલેજો/ કોર્ષીસ/ બ્રાન્ચીસ ફાળવવાની રહેશે. તથા બી.કોમ., બી.બી.એ. જેવા કોર્ષીસ માટે પણ રાજયની પ્રતિષ્ઠિત/ અગ્રણી કોલેજો સહિત દરેક કોલેજોમાં ૨% ની જોગવાઈનું પાલન કરવાનું રહેશે.

(૪) જે રમતવીર મેરીટ આધારે પસંદગી પામશે તેવા રમતવીરનો ૨% અનામતના સ્પોટર્સ કવોટામાં સમાવેશ થયેલ ગણાશે.

(૫) સ્પોટર્સ કવોટામાં પાત્ર ઉમેદવારો પૈકી ઉચ્ચતમ ગુણકક્ષા ધરાવનાર ઉમેદવારથી પ્રવેશ આપવામાં આવશે.

(૬) જો રમતવીર ઉમેદવારો સરખે સરખા માર્ક ધરાવે તો (ટાઈ પડે તો ) તે અંગે જે તે સંબંધિત વિભાગ પ્રવેશ અંગેની તેઓની મૂળ નીતિ ધ્યાનમાં રાખી નિર્ણય લેશે.

(૭) પસંદ કરાયેલ રમતવીર જે કેટેગરીના હશે તે જ કેટેગરીની અનામત સામે સરભર કરવાની રહેશે. એટલે કે રમતવીર માટેની અનામત જગ્યા હોરીઝેન્ટલ ગણવાની રહેશે.

(૮) એડમીશન પ્રસંગે જો પાત્રતા ધરાવતા રમતવીર માટેની ૨% અનામત જગ્યા સામે યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ ૨% પૈકીની જગ્યાઓ પછીના એડમીશન પ્રસંગ માટે આગળ ખેંચવાની રહેશે નહી.

(૯) સ્પોટર્સ કવોટા અંતર્ગત મેડીકલ/એન્જીનીયરીંગમાં પ્રવેશ માટે નીચે મુજબ પાત્રતા ધ્યાનમાં લેવાનું રહેશે. (એનેક્ષર- iiબી મુજબ)

(અ) આંતર રાષ્ટ્રીય રમતો/ચેમ્પીયનશીપમાં મેડલ વિજેતા અથવા ભાગ લેનાર.

(બ) રાષ્ટ્રીય રમતો/રાષ્ટ્રીય ચેમ્પીયનશીપના મેડલ વિજેતા.

(ક) છેલ્લા બે ખેલમહાકૂંભમાં સ્ટેટ લેવલ સ્પર્ધામાં એક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરનાર

(૧૦) મેડીકલ/એન્જીનીયરીંગ સિવાયના કોર્ષિસના પ્રવેશ માટે (જે એનેક્ષર- iiએ માં જણાવેલ છે તે કોર્ષીસ માટે) નીચે મુજબની પાત્રતા ધ્યાને લેવામાં આવશે.

(અ) આંતર રાષ્ટ્રીય રમતો/ચેમ્પીયનશીપમાં મેડલ વિજેતા અથવા ભાગ લેનાર.

(બ) રાષ્ટ્રીય રમતો/રાષ્ટ્રીય ચેમ્પીયનશીપના મેડલ વિજેતા.

(ક) છેલ્લા બે ખેલમહાકૂંભમાં સ્ટેટ લેવલ સ્પર્ધામાં ગોલ્ડ અથવા સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર

(૧૧) રાષ્ટ્રીય સ્પર્ધામાં રમતવીર ધ્વારા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ હોય તો જ ધ્યાનમાં લેવામાં આવશે.

(૧૨) પ્રવેશ વર્ષના આગળના બે નાણાકીય વર્ષની સિધ્ધિઓ જ માન્ય ગણવામાં આવશે. પરંતુ જો સ્પર્ધા વાર્ષિક ધોરણે યોજાતી ન હોય તેવા કેસોમાં તુરંત આગળના વર્ષની સ્પર્ધાઓ આ અંગેની પાત્રતા માટે ધ્યાને લેવાની રહેશે.

(૧૩) સ્પોટર્સ કવોટા અંતર્ગત પ્રવેશના હેતુસર સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર માન્ય ચેમ્પીયનશીપ, માન્ય રમતો, માન્ય ઈવેન્ટ (સ્પર્ધા) કે જે માન્ય ફેડરેશન/ રાષ્ટ્રીય આંતર રાષ્ટ્રીય એસોસીએશન ધ્વારા યોજાતી હોય તેની વખતોવખત યાદી બહાર પાડશે.

(૧૪) પાત્રતા ધરાવતા રમતવીરોનું પ્રવેશ માટેનું મેરીટ લીસ્ટ (ગુણાંકન યાદી) સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા તૈયાર કરવામાં આવશે જે શિક્ષણ વિભાગને અથવા જે તે સંબંધિત વિભાગને આપવામાં આવશે. તથા સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા વેબસાઈટ ઉપર પણ આ યાદી મુકવામાં આવશે. પાત્રતા ધરાવતા રમતવીરના સ્પોટર્સ કવોટા અંગેના મેરીટ લીસ્ટ/ગુણાંકન ને ધ્યાનમાં લઈ તેને પ્રવેશ માટેનો ક્રમ ફાળવાશે.

<u>રમતવીર માટે સ્પોટર્સ કવોટા અંતર્ગત નોંધણી અંગે કાર્યવાહી</u>

(૧) દરેક રમતવીર કે જે સ્પોટર્સ કવોટા અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે પ્રવેશ મેળવવા માંગે છે તેણે સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાતમાં પોતાની જે તે ચેમ્પીયનશીપ/મેડલ અંગેની વિગતો સાથે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

(૨) સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત માં વર્ષવાર રમતવીરની નોંધણી કરવા અંગેનું માળખુ તૈયાર કરવાનું રહેશે.

(૩) આ અંગેનું રજીસ્ટર સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાતે વખતો વખત વર્ષવાર નિભાવવાનું તથા અદ્યતન કરવાનું રહેશે.

(૪) સંબંધિત રમતવીરે રજૂ કરેલ વિગત/પ્રમાણપત્રની સંપૂર્ણ ચકાસણી કરી તેના આધારે સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત ધ્વારા સંબંધિત રમતવીરોને જરૂરી વિગતો દર્શાવતું પ્રમાણપત્ર આપવાનું રહેશે. ૨% અનામતની જોગવાઈના લાભ મેળવવા માટે ફકત સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણાશે.

ઉપરોકત વિગતો મુજબની સ્પોટર્સ કવોટા અંતર્ગત મોડાલીટી તથા આ અંગે કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સાથે એનેક્ષર–૧ કે જે અભ્યાસક્રમનું લીસ્ટ છે, એનેક્ષર–૨ કે જે રમતોની કેટેગરી અંગેનું લીસ્ટ છે, એનેક્ષર–૨એ મેડીકલ એન્જીનીયરીંગ સિવાયના અભ્યાસક્રમનું લીસ્ટ છે, એનેક્ષર–૨બી મેડીકલ એન્જીનીયરીંગનું લીસ્ટ છે, એનેક્ષર–૩ રમતોનું છે જેને આધારે આ અંગેની આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

ઉપર્યુકત જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે જોવા માટે સરકારશ્રીના સર્વે વહીવટી વિભાગો તેમજ જે વહીવટી વિભાગોના નિયંત્રણ હેઠળના શૈક્ષણિક સંસ્થાઓ આવેલ હોય તેવા દરેક વિભાગ તથા તે હેઠળના સર્વે ખાતાના વડાઓને આથી સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુરેશ કાનાબાર

(સુરેશ કાનાબાર)

સંયુકત સચિવ

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ

બિડાણઃ-

ઉપર મુજબ

પ્રતિ,

- રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય,ગાંધીનગર.